## સ્મોક અલાર્મ જીવન બચાવે છે!

તમારા ઘરના દરેક મજલે એક અલાર્મ લગાવો અને તેની બેટરીઓ નિયમિત તપાસતાં રહો.

FIRE KILLS YOU CAN PREVENT IT

## જો આગ લાગી હોય તો... બહાર નીકળી જાવ બહાર જ રહો અને

# 999

## ઉપર ફોન કરો

- બુઝાવી દેવાયેલી મીણબત્તીમાંથી ધુમાડો નીકળીને આગ શરૂ કરી શકે છે.

- તમારી અને તમારા ઘરની સુરક્ષા કરવાનો સર્વોત્તમ રસ્તો સ્મોક અલાર્મ ખરીદવાનો છે. તે £5 જેટલાં સસ્તાં હોય છે અને તમને તે કોઈ પણ સુપરમાર્કેટો કે હાઈ સ્ટ્રીટના સ્ટોરોમાંથી મળી શકશે. ચોક્સાઈ કરો કે તમે દર અઠવાડિયે તેની બેટરી તપાસો છો.



આયોનાઈઝેશન
**બેટરી અલાર્મ**
ફક્ત £5 જેટલી કિંમતનાં મળી શકે છે

**યાદ રાખો – મીણબત્તીઓ ક્યારેય એકલી મૂકશો નહિ અને રાત્રે તે સંપૂર્ણ બુઝાવી દો.**





### હોંશિયાર બનો!

તમારું જીવન બચાવી શકે તેવી માહિતી

### સાધનસજ્જ બનો!

તમારી પોતાની સલામતીમાં રોકાણ કરો

### બહાર નીકળી જાવ!

યોજના બનાવો. તૈયાર રહો.

'હોંશિયાર બનો! સાધન સજ્જ બનો! બહાર નીકળી જાવ!' નામની આગથી સુરક્ષા વિશેની શ્રેણીબદ્ધ પત્રિકાઓમાંની આ એક પત્રિકા છે, જે તમારી સ્થાનિક ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસ પાસેથી મળી શકશે. આ શ્રેણીની બીજી પત્રિકાઓ, આગથી બચવા માટેનાં સાધનો, માતાપિતા અને બાળકો માટે આગથી સુરક્ષા અને જેમને જોવાની તકલીફ અથવા હરવા ફરવાની મુશ્કેલી હોય તેવાં લોકો માટે વધારાની માહિતી પૂરી પાડે છે.

તેનાં ભાષાંતરો તેમજ બીજાં સ્વરૂપો પણ મળી શકે છે.

Published by the Office of the Deputy Prime Minister.
©Crown copyright 2004. Reprinted in the UK, March 2005, on material containing 75% post-consumer waste and 25% ECF pulp.
Product code: Fire candles 04GU

FIRE KILLS YOU CAN PREVENT IT

વધારે માહિતી માટે અમારી આ વેબસાઈટ જુઓ: **www.firekills.gov.uk**

Gujerati

# મીણબત્તીથી સુરક્ષા



FIRE KILLS YOU CAN PREVENT IT

## તમારા ઘરનું આગથી રક્ષણ કરો

# મીણબત્તીથી સુરક્ષા – આવશ્યક બાબતો

તેની જ્વાળા કદાચ નાની હશે – પણ દિવસની પાંચ કરતાં વધારે આગ મીણબત્તીઓથી શરૂ થાય છે. ફક્ત એક જ પળ બેધ્યાન બનવાથી આગ શરૂ થઈ શકે છે, પણ તેનાં પરિણામો ઘણાં વિનાશક હોઈ શકે.

## તમારા ઘર અને કુટુંબને આગથી સુરક્ષિત રાખો.

આ પત્રિકામાં આપેલી સલાહ અનુસરો અને મીણબત્તીઓનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો તે જાણો.

### સત્યઘટના – ભૂલવાની ઈચ્છા થાય તેવી રાત!



આરામ કરતી વખતે રતન ઘૂમન ઘણી વાર તેના ટેલિવિઝિનની ઉપર એક ટી લાઈટ સળગાવીને મૂકતા હતા. ગયા સપ્ટેમ્બરમાં રતન ટી લાઈટ બળતી મૂકીને સૂઈ ગયા.

ટી લાઈટ એટલી ગરમ હતી કે ટેલિવિઝનનો ઉપરનો ભાગ પીગળી ગયો અને ભયાનક આગ શરૂ થઈ ગઈ. સદ્દનસીબે રતન અને તેમની પત્ની સ્મોક અલાર્મથી જાગી ગયાં, પણ તેમના બેઠકરૂમમાં ગંભીર નુક્સાન થયું. ‘હું થાકી ગયો હતો અને મને એમ હતું કે મેં તે બુઝાવી દીધી છે.’ તે રાત યાદ કરતાં રતન કહે છે. ‘મેં ક્યારેય વિચાર્યું ન હતું કે આટલી નાની જ્વાળા આટલું ભયંકર નુક્સાન કરી શકે છે.’

## મીણબત્તીથી સુરક્ષા

**સળગાવેલી મીણબત્તીઓને પણ બીજી બધી જ્વાળાની જેમ જ ગણો – તેની સંભાળ રાખો!**

- તેને હવાથી અને ફર્નિચર કે પડદા જેવી સહેલાઈથી આગ પકડી શકે તેવી બીજી કોઈ પણ વસ્તુઓથી દૂર રાખો.



- મીણબત્તી પડી ન જાય તેનું ધ્યાન રાખો! મીણબત્તીઓને તેના માટેના યોગ્ય હોલ્ડર (સાધન)માં સીધી જકડીને રાખો.



- મીણબત્તીઓ હંમેશાં ગરમી સહન કરી શકે તેવી સપાટીઓ ઉપર મૂકો. નાઈટ લાઈટ્સ અને ટી લાઈટ્સથી ટીવીના ઉપરના ભાગની સપાટીઓ અને બાથટબ જેવી પ્લાસ્ટિકની સપાટીઓ પીગળી જઈ શકે છે.



***યાદ રાખો** – સુગંધવાળી મીણબત્તીઓ માટે કાચ કે ધાતુનાં હોલ્ડરો વાપરો, જેમાં તેની સુગંધ ફેલાવવા માટે તે ઓગળીને પ્રવાહી થઈ જાય છે.*

- મીણબત્તીની ઉપર ઝૂકશો નહિ! તમારાં કપડાં કે વાળમાં આગ લાગી શકે છે.
- બે સળગતી મીણબત્તીઓની વચ્ચે હંમેશાં ઓછામાં ઓછું ૪ ઈંચ (૧૦ સેમી) જેટલું અંતર રાખો.



***વચ્ચે જગ્યા રાખવાનું ધ્યાન રાખો!** મીણબત્તીઓ છાજલીઓ કે બીજી સપાટીઓની નીચે ન મૂકશો.*

- ગરમ મીણમાં દીવાસળી કે બીજી કોઈ વસ્તુ પડે નહિ તેનું ધ્યાન રાખો.
- મીણબત્તી બુઝાવવા (ઓલવવા) માટે ‘સ્નફર’ અથવા ચમચીનો ઉપયોગ કરો. તેને ફૂંક મારીને બુઝાવવા કરતાં આ વધારે સલામત છે, કારણ કે ફૂંક મારવાથી તેના તણખા ફેલાઈ શકે છે અને ગરમ મીણ બધે ઉડી શકે છે.



***હંમેશાં** – મીણબત્તીને તમે એકથી બીજી જગ્યાએ મૂકો તે પહેલાં બુઝાવી દો.*

- બાળકો અને પાલતુ પ્રાણીઓની પહોંચથી મીણબત્તીઓ દૂર રાખો.